# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૧૯-૫-૨૦૧૨**

- **વિદેશ મંત્રાલયના સઘન પ્રયત્નોથી ચાર ગુજરાતી કામદારો ગુજરાત પરત ફર્યા.**
- **ગુજરાતના મુખ્યમંત્રીશ્રી બીજાની ટીકાઓ કરનારા અને નિવેદનીયા મુખ્યમંત્રી બનવાના બદલે ગુજરાત સરકારના અધિકારીઓની એક ટીમ તાત્કાલિક અંગોલા મોકલે.**
- **અંગોલા ખાતેના એમ્બેસેડરે સંપૂર્ણ પરિસ્થિતી અંગેના ડિટેઇલ રીપોર્ટ વિરોધપક્ષના નેતાને મોકલ્યો.**
- **હજુ પણ અંગોલા ખાતેના ગુજરાતી કામદારોને ભાષાકીય તથા અન્ય મુશ્કેલીઓ છે ત્યારે ગુજરાત સરકારે ભૂતકાળમાં જેમ આંધ્રપ્રદેશ અને કેરાલાની સરકારે UAE માં પોતાના રાજ્યના લોકો માટે ટીમ મોકલી હતી તેમ ગુજરાતમાંથી પણ ટીમ મોકલવામાં આવે તેવી માંગણી.**
- **અંગોલા ખાતેની થયેલી ધમાલમાં પોલીસ ફાયરીંગમાં કોઇ ગુજરાતીને ઇજા નથી.**
- **પોલીસે પકડેલા ૫૯ કામદારોમાંથી ૩૭ કામદારો નિર્દોષ જાહેર.**
- **પાસપાર્ટ ન હોય તેમને ઇમરજન્સી સિર્ટિફિકેટ પર પરત ફરવા એમ્બેસીએ કરી વ્યવસ્થા.**
- **અંગોલા ખાતેના Sumbe સિમેન્ટ પ્લાન્ટમાં કુલ ૧૨૬૦ કામદારોમાં ૧૧૦૦ ભારતીયો, ૧૪૦ બાંગ્લાદેશી અને ૨૦ નેપાલી છે.**
- **રાજકીય ખીચડી પકવતાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને પેટલાદ હોવા છતાં અસરગ્રસ્ત પરિવારના ઘરે જઇને મળવાનો સમય ન હતો.**

અંગોલા ખાતે મુશ્કેલીમાં મૂકાયેલા કામદારોને ભારત સરકારના પ્રયત્નોથી દેશમાં પરત ફરવા માટે પૂરતી મદદ મળતાં ચાર ગુજરાતી કામદારો ગુજરાત પરત ફરી શકયા છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ માત્ર પત્રો લખીને નિવેદનીયા મુખ્યમંત્રી બનવાને બદલે ગુજરાત સરકારની એક ટીમ અંગોલા મોકલી આપીને ગુજરાતી કામદારોને એર ટિકીટ, ઇમરજન્સી સર્ટિફિકેટ તથા જરૂરિયાતમંદને કાનૂની સહાય માટે મદદ કરી હોત તો જે ગુજરાતીઓએ અંગોલા ખાતે હાડમારી ભોગવવી પડી તે ન ભોગવવી પડત. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને તો પેટલાદમાં હાજર હોવા છતાં પેટલાદના જ કામદારો જે અંગોલામાં ફસાયા હતાં તેના ઘર સુધી જવાનો સમય ન હતો. પરિવારને સામેથી જઇને મળીને સાંત્વન આપવાનું પણ સૌજન્ય નહીં દાખવનાર મુખ્યમંત્રીશ્રીએ અધિકારીઓને મોકલીને પેટલાદમાં પોતાના સમારંભના સ્થળે પેટલાદના અંગોલા ખાતે ફસાયેલા કામદારના પિતાને બોલાવી રાજકીય સ્ટંટ કર્યો હતો. અંગોલા ખાતેની તમામ પરિસ્થિતિ અને કેન્દ્ર સરકારે લીધેલા પગલાંઓની વિસ્તૃત માહિતી ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાને અંગોલા ખાતેના એમ્બેસેડર શ્રી દેબરાજ પ્રધાન દ્વારા મોકલી આપવામાં આવી છે. અંગોલા ખાતે હજી પણ જે ગુજરાતી કામદારો છે તેમને જરૂરી મદદ પૂરી પાડવા માટે ગુજરાત સરકારે તાત્કાલિક ટીમ મોકલવી જોઇએ તેવી માંગણી વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે કરી છે. ભૂતકાળમાં UAEમાં વસતાં ભારતીય લોકોને તકલીફ પેદા

થઇ ત્યારે આંધ્રપ્રદેશ અને કેરાલાના કામદારો ખૂબ મોટી સંખ્યામાં UAEમાં હોવાથી આંધ્રપ્રદેશ અને કેરાલાના મુખ્યમંત્રીશ્રીઓ કેન્દ્ર સરકારના વિદેશ મંત્રાલયની મંજૂરીથી પોતાના રાજયોની અધિકારીઓની ટીમ મોકલીને વિમાનની ટિકીટોથી માંડીને તમામ બાબતોની મદદ પોતાના રાજ્યના લોકોને કરી હતી. માત્ર બીજાની જ ટીકાઓ કરનારા નકારાત્મક અને નિવેદનીયા મુખ્યમંત્રીશ્રી ગુજરાતના હજુ પણ જે અંગોલા ખાતે કામદારો છે, તેમને મદદ કરવા માટે કોઇ ટીમ મોકલવા માંગે છે કે કેમ ? તેનો જવાબ આપવા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે માંગણી કરી છે. અંગોલા ખાતેના એમ્બેસેડરે પત્ર મારફત વિરોધપક્ષના નેતાના તા.૧૧.૫.૨૦૧૨ના E-mailના સંદર્ભમાં અંગોલા ખાતે બનેલી ઘટના અને લેવાયેલાં પગલાંનો સંપૂર્ણ ચિતાર મોકલેલ છે. અંગોલાના એમ્બેસેડરશ્રીના પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, તા.૧૬.૫.૨૦૧૨ના રોજ સંપૂર્ણ રીતે હેડકાઉન્ટ કરવામાં આવ્યા છે. અને ૪૦ ગુજરાતી કામદારો સહિત તમામ કામદારો પ્રોજેક્ટ સાઇટ ઉપર ઉપલબ્ધ છે અને કોઇ મીસીંગ નથી. અંગોલાના Sumbe સીટી ખાતેના સિમેન્ટ પ્લાન્ટમાં ૧૨૬૦ કામદારો કામ કરતા હતાં. જેમાં ૧૧૦૦ ભારતીયો, ૧૪૦ બાંગ્લાદેશી અને ૨૦ જેટલાં નેપાલી કામદારો કામ કરતા હતાં. આ ૧૧૦૦ ભારતીય કામદારો દેશના જુદાં જુદાં વિસ્તારોમાંથી ત્યાં કામ કરતા હતાં. ત્યાં કામ કરતાં કામદારોને સ્થાનિક મેનેજમેન્ટ સાથે એ મુદ્દાનો વિવાદ થયો હતો કે, ઓવર ટાઇમના પૈસા ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૧૨ના યુ.એસ.ડોલરમાં મેનેજમેન્ટે ચૂકવવાનું બંધ કરેલુ હતું અને સ્થાનિક કરંસીમાં પૈસા આપવામાં આવતાં હતાં. આ વિવાદના કારણે કામદારોએ તા.૧૬.૪.૨૦૧૨થી હડતાલનો આશરો લીધો હતો. તા.૯મી મે-૨૦૧૨ના દિવસે સાંજે ૪-૩૦ કલાકે હડતાલ ઉપર ઉતરેલાં કર્મચારીઓ દ્વારા સૂત્રોચાર, ઘેરાવ અને હુમલો કર્યાનો આક્ષેપ કામદારો સામે કરવામાં આવ્યો એવો પણ આક્ષેપ છે.આ કામદારો પૈકીનાઓએ ત્યાં પાર્ક કરાયેલાં ૧૬ જેટલાં મોટર સાયકલ સળગાવી દિધાં છે. ઓફિસર્સ મેસ અને પેન્ટ્રીને તેમજ હાઉસિંગ કન્ટેનરને નુકશાન કરવામાં આવ્યું એવો પણ આક્ષેપ છે. આ ધમાલ થતાં પોલીસને બોલાવવામાં આવી અને પોલીસ દ્વારા ટીયરગેસ ફાયરીંગ કરવામાં આવ્યું. ફાયરીંગમાં કર્ણાટકના એક કામદાર શ્રી વિજયકુમાર મોડાબેટ્ટુને સાથળમાં ગોળી વાગી હતી. જેઓ હાલ સારવાર નીચે છે અને ભયમુક્ત છે. સ્થળ પરથી જ પોલીસ દ્વારા ૫૯ કામદારોને પકડવામાં આવ્યાં હતાં, અને અદાલત સમક્ષ રજૂ કરાતાં ૩૭ કામદારો નિર્દોષ જાહેર કરવામાં આવેલાં છે જયારે ૨૨ કામદારોને દોષિત ઠરાવવામાં આવ્યાં છે. વિરોધપક્ષના નેતાએ વિદેશ મંત્રીશ્રી સાથે તથા માન.શ્રી અહમદભાઇ પટેલ સાથે ખબર પડતાની સાથે જ પેટલાદ ખાતે પરિવારની મુલાકાત લઇ Sumbe ખાતેના કામદારો સાથે ફોન પર વાત કરીને તાત્કાલિક પગલાં ભરવા માંગણી કરી હતી. વિરોધપક્ષના નેતાએ તાત્કાલિક દિલ્હી જઇને વિદેશ મંત્રીશ્રી સાથે મિટીંગ પણ કરી હતી. વિદેશ મંત્રાલયના તથા એમ્બેસી દ્વારા તાત્કાલિક માહિતી મેળવી પગલાઓ ભરવામાં આવ્યાં હતાં. અંગોલાના એમ્બેસેડર શ્રી દેબરાજ પ્રધાને અંગોલાના ખાણ, ખનીજ અને ઉદ્યોગ મંત્રીશ્રી Joaquim David સાથે અને મીનીસ્ટર્સ ઓફ એકસર્ટનલ રિલેશન્સ ગર્વમેન્ટ ઓફ અંગોલાના એશીયાના ડાયરેકટર શ્રી Andre Panzo સાથે મિટીંગ કરીને ભારતીયોને કોઇપણ મુશ્કેલી ન પડે અને તેના સાથે માનવતાવાદી અભિગમ રાખવા જણાવ્યું હતું. આ ઉપરાંત મીનીસ્ટર ઓફ ઇન્ટીરીયલ એન્ડ હેડ ઇમીગ્રેશન ડીપાર્ટમેન્ટ સાથે પણ મિટીંગ કરીને આગળની કાર્યવાહી માટે ચર્ચા કરી હતી. ભારતની એમ્બેસીના સેકન્ડ સેક્રેટરી(કાઉન્સલર) એસ.કે.વરુણ તાત્કાલિક Sumbe ખાતે પહોંચ્યા હતાં. અને કામદારોની ફરિયાદો મેળવીને મેનેજમેન્ટ તેમજ પોલીસ અને સ્થાનિક સરકારને મદદરૂપ બનવા માટેનું આવેદન આપ્યું હતું. તા.૩.૪.૨૦૧૨ થી તા.૧૮.૫.૨૦૧૨ સુધીમાં ૩૬૪ જેટલાં ભારતીયો દેશમાં પરત ફર્યા છે. અંગોલમાં કામદારોની

મુશ્કેલી ઉભી થતાં જે કામદારો દેશમાં પરત ફરવા માંગતા હોય તેમને પરત આવવામાં મોટી મુશ્કેલી પડતી હતી કે તેઓના પાસપોર્ટ વર્ક પરમીટ માટે અંગોલાની એમ્બેસીમાં જમા હતાં.વિદેશ મંત્રાલયે ખાસ સૂચનાઓ આપીને તાત્કાલિક ઇમરજન્સી સર્ટિફિકેટ જે કામદારો પરત આવવા માંગતા હોય તેમને મળી જાય તેવી વ્યવસ્થા ઉભી કરી આપી છે. આમ પાસપોર્ટ જેમની પાસે ઉપલબ્ધ ન હતાં તેવા કામદારો પણ સ્વદેશ પરત ફરી શક્યા છે. કેટલાંક કામદારો ત્યાં રહીને જ કામ કરવા માંગે છે. તેમને કોઇ મુશ્કેલી ન પડે તેવી વ્યવસ્થા માટે એમ્બેસીએ કંપનીને આદેશ આપ્યો છે અને તે પછી કેટલાક કામદારો કામ પર પણ ચડી ગયાં છે. હજુ કેટલાક કામદારો મુશ્કેલીઓ ભોગવી રહ્યાં છે. તેમ ગુજરાતમાં પરત ફરેલાં પેટલાદ, બીલીમોરા, વલસાડ અને જામનગરના કામદારો પાસેથી જાણવા મળ્યું છે. આ સંજોગોમાં ગુજરાત સરકારની એક ટીમ તાત્કાલિક અંગોલા ખાતે જાય અને આપણા કામદારોને કે જેઓને કદાચ ભાષાનો પણ પ્રશ્ન નડતો હોય અથવા પરત ફરવાની ટિકીટ કે ઇમરજન્સી સર્ટિફિકેટ મેળવવામાં મુશ્કેલી પડતી હોય તો તેને ગુજરાત સરકારની ટીમ જઇને મદદરૂપ બને તેવી માંગણી પણ વિરોધપક્ષના નેતાએ કરી છે. આપણા ગુજરાતીઓને તકલીફ પડે ત્યારે આપણી ગુજરાતની સરકારે તેને મદદરૂપ બનવું જ તે આપણી પ્રાથમિક ફરજ છે. આવા સમયે પણ માત્ર પત્રો લખીને નિવેદનીયા મુખ્યમંત્રી બનવાના બદલે સંવેદનશીલ મુખ્યમંત્રી બને તે જરૂરી છે. વિરોધપક્ષના નેતાએ અંગોલા ખાતેની ઇન્ડીયન એમ્બેસીના એમ્બેસેડર શ્રી દેબરાજ પ્રધાન દ્વારા મોકલાયેલાં ૭ પાનાના ડિટેઇલ રીપોર્ટની નકલ પણ પ્રેસ અને મિડીયાને ઉપલબ્ધ કરાવેલ છે.

**(અંગોલા ખાતેના એમ્બેસેડરનો માન.વિરોધપક્ષના નેતા ઉપરનો પત્ર તેમજ ડીટેઇલ રીપોર્ટ વેબસાઇટ www.shaktisinhgohil.com ઉપર ઉપલબ્ધ છે.)**

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**

અંગત મદદનીશ